सत्यमेव जयते

<table>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૦૯/૦૬/૨૦૨૨.</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td colspan="3">૨૪/૦૪/૨૦૨૬.</td></tr>
<tr><td rowspan="2">અવધી</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૩</td><td>૧૦</td><td>૧૫</td></tr>
</table>

**નામ. સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/17 તથા ક્રિમિનલ મેન્યુઅલનાં ચેપ્ટર-VI નાં 179Aઅન્વયેનાં નોટિફિશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

# જામનગરનાં મ્હે. સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

નેહલકુમાર રાજેશભાઈ જોષી, સેશન્સ જજ, જામનગર.

(ચુકાદાની તા.૨૪/૪/૨૦૨૬)

સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ સાથે ૭૮/૨૦૨૨..

આંક-૫૮.

## એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::-

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | સિટિ-સી ડિવિઝન, જામનગર.<br>ગુ.ર. નં.૧૧૨૦૨૦૦૨૨૧૨૨૩૩/૨૦૨૧. |
| ગુન્હો | ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ. |
| તહોમતનામા મુજબ તહોમત | ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ. |
| ફરીયાદી | શ્રી સરકાર.<br>(મુળ ફરીયાદી : નાનજીભાઈ વશરામભાઈ નાખવા.) |
| વિ.એ.પી.પી. શ્રી | ડી.આર. ત્રિવેદી. |
| આરોપીઓ | **સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨.**<br>મહેન્દ્રસીંહ ઉર્ફે બાબો ગુમાનસીંહ જાડેજા, ઉ.વ. ૨૫, ધંધો : ડ્રાઈવીંગ, રહે.આશાપુરા માતાજીનાં મંદિરની બાજુમા, ચેલા, જી.જામનગર.<br>**સેશન્સ કેસ નં.૭૮/૨૦૨૨.**<br>પાર્થ ઉર્ફે જાબલી જીતેન્દ્રભાઈ કતીયારા, ઉ.વ. ૨૩, ધંધો : મજુરી, રહે.દિગ્વિજય પ્લોટ-૬૧, આશાપુરા માતાજીનાં મંદિરની બાજુમા, જામનગર. |

| | |
|---|---|
| આરોપી તરફે વિ.વ. શ્રી | એ.એચ. શમા. |

**FORM-B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૨/૧૦/૨૦૨૧. |
| ફરીયાદની તારીખ | ૨૨/૧૦/૨૦૨૧. |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૦૫/૨૦૨૨. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૫/૦૨/૨૦૨૪. |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૩૦/૦૭/૨૦૨૪. |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યા તારીખ | ૦૨/૦૩/૨૦૨૬. |
| ચુકાદાની તારીખ | ૨૪/૦૪/૨૦૨૬. |
| સજાનાં હુકમની જો કોઇ તારીખ હોય તો | - |

## આરોપીની વિગત ::-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામા આવેલ હોય તો, તેની વિગત | કયા ગુન્હાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામા આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહેન્દ્રસીંહ ઉર્ફે બાબો ગુમાનસીંહ જાડેજા. | ૧૪/૨/ ૨૦૨૨. | ૨૧/૨/૨૦૨૨. | ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબ. | નિર્દોષ. | - | |
| ૨. | પાર્થ ઉર્ફે જાબલી જીતેન્દ્રભાઇ કતીયારા. | ૨૮/૧૦/ ૨૦૨૧. | ૧૫/૧૧/ ૨૦૨૧. | -”- | -”- | - | |

**FORM-C**

ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ ::-

**(એ) ફરીયાદ પક્ષ તરફે** ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૦૧. | ભાવિનભાઇ જગદિશભાઇ | સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ | ૧૮ |
| ૦૨. | મોહનભાઇ કરશનભાઇ ગઢવી | -”- | ૨૦ |
| ૦૩. | ઇકબાલભાઇ ઉંમરભાઇ ખફી | ઝડતિ પચનામાનાં પંચ | ૨૧ |
| ૦૪. | જયેશ કાંતિલાલ મુંજાલ | અટક પંચનામાનાં પંચ | ૨૩ |
| ૦૫. | દિપકભાઇ મનોજભાઇ | -”- | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૦૬. | નાનજીભાઇ વશરામભાઇ | ફરીયાદી | ૨૯ |
| ૦૭. | દિપકભાઇ મનોજભાઇ | અટક પંચનામાનાં પંચ | ૩૧ |
| ૦૮. | લાભુભાઇ ગોવિંદભાઇ ગઢવી | પી.એસ.ઓ. | ૩૩ |
| ૦૯. | ડો.વિકાસ ભુપતભાઇ | તબિબિ અધિકારી | ૪૫ |
| ૧૦. | રવિરાજસીંહ દેવેન્દ્રસીંહ ગોહીલ | તપાસ કરનાર અધિકારી | ૪૭ |

## (બી) બચાવ પક્ષ તરફે જો સાહેદ હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૯ |
| ૦૨. | ઝડતિ પંચનામુ | ૨૨ |
| ૦૩. | અટક પંચનામુ | ૨૪ |
| ૦૪. | ફરીયાદ | ૩૦ |
| ૦૫. | ગુન્હો રજીસ્ટર્ડ કરવાની યાદી | ૩૪ |
| ૦૬. | સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલો | ૩૫, ૩૭ |
| ૦૭. | સ્ટેશન ડાયરીમા નોંધ કરવાની યાદીઓ | ૩૬, ૫૧, ૫૩ |
| ૦૮. | ઈંજરી સર્ટિફિકેટ | ૪૬ |
| ૦૯. | આર.ટી.ઓ.ને કરેલ યાદી | ૪૮ |
| ૧૦. | કાર કબજે કર્યાનું પંચનામુ | ૪૯ |
| ૧૧. | તપાસમા રહેવાની યાદી | ૫૦ |
| ૧૨. | હથીયાર કબજે કર્યાનું પંચનામુ | ૫૨ |
| ૧૩. | હથીયારબંધીનું જાહેરનામુ | ૫૪ |

## બચાવ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

**કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ** ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

## -:: ચુકાદો ::-

**૧.** આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબ શીક્ષાને પાત્ર ગુન્હાનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, ફરીયાદી નાનજીભાઈ વશરામભાઈ નખવા, ઉ.વ. ૪૨, ધંધો : વેપાર, રહે.સત્યમ કોલોની રોડ, એરફોર્સ ગેઈટની સામે, મુખ્યમંત્રિ આવાસ એલ.આઈ.જી.-૨, એ૧/૫૦૪, જામનગરવાળા રૂબરૂમા જાહેર કરી, ફરીયાદ હકીકત લખાવે છે કે, તેઓ ઉપરનાં સ્થળે પોતાનાં કુટુંબ સાથે રહે છે અને મહાનગરપાલીકામા રોડ અને મકાન ચણતરનાં કોન્ટ્રાકટ રાખી ગુજરાન ચલાવે છે.

**૨.૧.** તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ બપોરનાં બે થી સવા બે વાગ્યા દરમિયાન પોતાનું મોટરસાઈકલ નં.જીજે ૧૦ સીએમ ૭૦૮૯ લઈ હિરજી મીસ્ત્રિ રોડ ઉપરથી પોતાનાં ઘરે જતા હતાં ત્યારે, પ્રણામિ સ્કુલની પાળની શેરીમા તેમનાં મોટરસાઈકલ પાછળથી એક કોફી કલરની મારૂતિ સ્વિફટ ફોર વ્હિલ નંબર પ્લેટ વગરની પુરઝડતી આવી મોટરસાઈકલને પાછળથી ઠોકર મારી, ભટકાડતા તેઓનીચે પડી ગયેલ અને ફોરવ્હિલમાથી બે ઈસમો ઉતરેલા જેમાથી એક ઈસમને ઓળખે છે, તેનું નામ પાર્થ ઉર્ફે જાબલી સીંધી, રહે.જામનગરવાળો તથા બીજાને બાબા નામ તરીકે બોલાવે છે તે બંને તેઓની પાસે આવેલ. જાબલીનાં હાથમા છરી હતી અને બાબાનાં હાથમા લોખંડનો પાઈપ હતો, તે બંને ગાળો આપી અમને ધંધો કેમ કરવા નથી દેતો તેમ કહી પાર્થ ઉર્ફે જાબલીએ હાથ ઉપર છરી

મારતા બચાવ કરતા હાથમા લોહી નિકળેલ ત્યારે, બાબાએ લોખંડનાં પાઈથી આડેધડ માર મારવા લાગેલ અને કહેલ કે, હવે અમને ધંધામા નડતરરૂપ થઇશ તો, જાનથી મારી નાખીશ. ફરીયાદીને ઈજા થયેલ હોય અને નીચે પડેલ હોવાથી રસ્તે પસાર થતાં લોકો જોવા ભેગા થતાં માર મારતા બંને ઈમો પોતાની ફોરવ્હિલ કાર લઇને જતા રહેલ. તેથી, ફરીયાદી પોતાની જાતે ઉભા થઈ મોટરસાઇકલ લઇને સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે સારવાર લેવા જતા રહેલ અને ત્યાંથી પોતાનાં ભાઈ નિતિનભાઈ વશરામભાઈ નાખવાને ફોનથી બોલાવતા તેઓ આવી જતા સારવાર લઈ ફરીયાદ કરવા આવેલ છે.

**૨.૨.** બનાવનું કારણ એ છે કે, ફરીયાદીનું જુનુ ઘર કાનાનગર, દિગ્વિજય પ્લોટ-૫૯ નાં છેડે આવેલ ત્યાં આવતા જતા રહે છે અને પાર્થ ઉર્ફે જાબલી પણ ત્યાં જ રહે છે, તે દારૂનો ધંધો કરતા હોવાથી દોઢેક માસ પહેલા માથાકુટ અને બોલાચાલી થયેલી તેનો ખાર અને રોસ રાખી હલનો બનાવ બનેલ છે. તેથી, તે બંને વિરૂદ્ધ ધોરણસર થવા મતલબની ફરીયાદ ફરીયાદીએ તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ પોલીસ સબ ઈન્સપેકટર, સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર સમક્ષ નોંધાવતા તેનાં આધારે ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરવામા આવેલો અને તપાસનાં અંતે આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા વિ.પાંચમા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગર સમક્ષ બંને ચાર્જશીટો સમયાંતરે રજુ કરવામા આવેલ છે.

આ કામે પ્રથમ આરોપી મહેન્દ્રસીંહ ઉર્ફે બાબો ગુમાનસીંહ જાડેજા વિરૂદ્ધ અને ત્યારબાદ, આરોપી પાર્થ ઉર્ફે જાબલી જીતેન્દ્રભાઇ કતીચારાનું પુરવણી ચાર્જશીટ રજુ થતાં તે બંનેને અલગ અલગ ફોજદારી કેસ રજીસ્ટરે લેવામા આવેલ છે.

**૩.** સદર કામે આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ બચાવ માટે સરકારી વકીલશ્રીની જરૂર છે કે કેમ? તેવી ખાત્રી કરતા આરોપીઓએ પોતાનાં ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. સદર કેસો ની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની એક માત્ર સત્તા સેશન્સ અદાલતને હોય, વિ.પાંચમા એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગરનાંઓએ ક્રિ.પ્રો. કોડ કલમ-૨૦૯ અન્વયે આ કેસો સેશન્સ અદાલતને કમીટ કરેલ છે. ત્યારબાદ, આ બંને સેશન્સ કેસોની સુનાવણી આ સેશન્સ અદાલત મારફત હાથ ધરવામા આવેલ છે.

આ કામે વિ.એ.પી.પી.શ્રીની આંક-૮ ની બંને કેસો એક જ બનાવ માથી ઉદ્ભવેલ હોવાથી બંને કેસોની કાર્યવાહી કોન્સોલીડેટ કરી એકી સાથે ચલાવવાની અરજી નીચે કરવામા આવેલા હુકમ મુજબ બંને કેસો કોન્સોલીડેટ કરી એકીસાથે ચલાવવાનો અને સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ નો મુખ્ય કેસ ગણી તેમા તમામ પુરાવો નોંધવાનો હુકમ કરવામા આવેલ છે. જેથી, આ બંને કેસો કોન્સોલીડેટ કરી એકીસાથે ચલાવવામા આવેલ છે અને તમામ પુરાવો સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ મા નોંધવામા આવેલ છે.

**૪.** આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ આંક-૧૦ થી ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ -૧૩૫(૧) મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી આંક-૧૧, ૧૨ થી આરોપીઓનો જવાબ લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. જેમા ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**૫.** ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ હેઠળ આરોપીઓનું વધારાનું નિવેદન લેવામા આવેલ છે, જેમા તેઓએ તેઓ વિરૂદ્ધ પડેલ પુરાવાઓનો ઈન્કાર કરેલ છે અને તેઓ તદ્દન નિર્દોષ હોવાનું

અને સદર ગુન્હામા તેઓને ખોટીરીતે સંડોવી દેવામા આવેલાનું જણાવેલ છે.

**૬.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓને આધીન આ કામનાં આરોપી વિરૂદ્ધ ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયેનો ગુન્હો પુરવાર કરેલ હોય, આરોપીઓને મહત્તમ સજા કરવી જોઇએ.

**૭.** આરોપી તરફે વિ.વ. શ્રી એ.એચ. શમાએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓને આધીન આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી. કોડ કલમ-ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયે નો ગુન્હો શંકારહીત પુરાવાઓથી પુરવાર કરેલ હોવાનું જણાતુ નથી. તેથી, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

**૮.** ઉપરોકત સંજોગોમા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપિસ્થત થાય છે ::-

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, આરોપી નં.૨ દારૂનો ધંધો કરતા હોવાથી તે બંધ કરવા માટે આશરે દોઢેક મહીના પહેલા તેઓ અને ફરીયાદી વચ્ચે થયેલી બોલાચાલીનું મનદુ:ખ રાખી તા.૨૨/૧૦/૨૦૨૧ નાં આશરે કલાક-૧૪-૧૫ વાગ્યે પ્રણામિ સ્કુલની પાછળની શેરીમા, જામનગર મુકામે ફરીયાદી મોટરસાઇકલ નં.જીજે ૧૦ સીએમ ૭૦૮૯ લઇને જતા હતાં ત્યારે, આરોપીઓએ એકબીજાની મદદગારીમા કોફી કલરની નંબર પ્લેટ વગરની સ્વિફટ કાર એકદમ સ્પિડમા ચલાવી, મોટરસાઇકલને પાછળથી ઠોકર મારી, ફરીયાદીને પછાડી દઇ, આરોપીઓએ અમને ધંધો કેમ

કરવા નથી દેતો તેમ કહી, ફરીયાદીને સુલેહ ભંગ કરવા ઉશ્કેરવાનાં ઈરાદાથી ગાળો આપી, હવે અમને ધંધામા નડતરરૂપ થઈશ તો, જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી, તમો નં.૨ નાંએ છરી વડે હાથમા ઈજા કરી, તમો નં.૧ નાંએ લોખંડનાં પાઈપ વડે આડેધડ ઘા મારી, ફરીયાદીને સ્વૈચ્છાપૂર્વકની ઈજાઓ પહોંચાડી, ખૂન ન ગણાય તેવો સાપરાધ મનુષ્ય વધ કરવાની કોશીષ કરી ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ મુજબની શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, ઉપરોકત સ્થળ, તારીખ અને સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનાંઓનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમા હોવા છતાં, આરોપીઓએ તેનો ભંગ કરી પોતાનાં કબજામા ઉપરોકત જણાવેલા હથીયાર ધારણ કરી જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**૩.** શું હુકમ?

**૯.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

**૧.** નકારમા.

**૨.** નકારમા.

**૩.** આખરી હુકમ મુજબ.

-:: **કારણો** ::-

**મુદ્દા નંબર-૧ અને ૨** ::-

**૧૦.** પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આ કામનાં આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયે શીક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપીઓ વિરૂદ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે

કેમ? તે માટે પ્રથમ ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ તબિબિ પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**તબિબિ પુરાવાઓની ચર્ચા** ::-

**૧૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૯ તરીકે ડો.વિકાસ ભુપતભાઇ ધમસાણીયાને આંક-૪૫ થી તપાસવામા આવેલા છે અને આંક-૪૬ થી ઇંજરી સર્ટિફિકેટ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૨/ ૧૦/૨૦૨૧ નાં રોજ જી.જી. હોસ્પિટલ, જામનગરમા સી.એમ.ઓ. તરીકે ફરજમા હતાં ત્યારે, પોલીસ યાદી સાથે નાનજી વશરામ નાખવા સારવાર લેવા આવતા તેઓએ આરોપી જાબલી તથા અન્ય એક વ્યકિત દ્બારા માથા ઉપર ઇંટ વડે હુમલો કરવામા આવેલ હોવાનું જણાવેલ અને તેઓ સભાન અવસ્થામા હતાં તેવું જણાવેલ છે.

**૧૧.૧.** ડોકટરે વધુમા એવું પણ જણાવેલ છે કે, દર્દીને જમણા હાથ ઉપર ૨x૨ સે.મી.ની છોલછાલ અને ડાબા હાથ ઉપર ૩x૧x૧ સે.મી.ની છોલછાલ હતી.

**૧૧.૨. ઉલટતપાસ**મા ડોકટર સ્વિકારે છે કે, કોઇ વ્યીકત ગાડી લઇને જતા હોય અને ભચકાય તો છોલછાલની ઇજા થઇ શકે. તેઓ એવી હકીકત પણ સ્વિકારે છે કે, દર્દીની હિસ્ટ્રી મુજબ તેને કયા વ્યકિતએ શરીરનાં કયા ભાગ ઉપર, કયા હથીયારથી ઇજા કરેલી તેવું દર્શાવેલ નથી.

**૧૨.** ઉપરોકત તબિબિ અધિકારીનાં મૌખીક પુરાવા સાથે દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ફરીયાદીને તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજનાં બનાવમા ઇજાઓ થયેલી હોવાની હકીકતો પુરવાર થાય છે અને થયેલી ઇજા સામાન્ય પ્રકાર ની હતી તેવો પણ તબિબિ અભિપ્રાય છે ત્યારે, ઉપરોકત તબિબિ અધિકારીનાં મૌખીક પુરાવાઓ સાથે દસ્તાવેજી પુરાવો અને ફરીયાદીને

થયેલી ઈજાઓની હકીકતો સાથે બચાવ પક્ષ તરફે ઉપરોકત કરવામા આવેલી નોંધ મુજબની તબિબિ અધિકારીની કરવામા આવેલી ઉલટ તપાસ સાથેનાં બચાવની હકીકતો ધ્યાને લેતા દર્દી ગાડી લઈને જતા હોય અને ભટકાય તો છોલછાલની ઈજા થઈ શકે તે મતલબની ઉલટતપાસ કરવામા આવેલી હોવાનું જણાય છે. પરંતુ, તે અંગે પછી કોઈ વિશેષ રજુઆતો થયેલ નથી.

**૧૩.** આમ, તબિબિ પુરાવાની ઉપરોકત ચર્ચા લક્ષમા લેતા ફરીયાદ પક્ષ માત્ર તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ બનેલા બનાવમા ઈજા પામનાર ફરીયાદીને થયેલી ઈજાઓની હકીકતો તબિબિ પુરાવાને આધીન પુરવાર કરે છે. સદર કામે આરોપી વિરૂદ્ધ ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયેનો ગુન્હો દાખલ થઈ આંક-૧૦ થી તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, તબિબિ પુરાવાને આધીન માત્ર તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ બનેલ બનાવમા ફરીયાદીને ઈજા થયેલી હોવાની હકીકત પુરવાર કરવી પુરતી નથી, પરંતુ આંક-૧૦ થી ફરમાવેલ તહોમતનામાની વિગતે આરોપીઓએ જ ફરીયાદીને છરી અને પાઈપથી સ્વૈચ્છાપૂર્વકની વ્યથા પહોંચાડેલ હોવા ની હકીકત પુરવાર કરવી જરૂરી છે. તેથી, ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવા જરૂરી બને છે.

**૧૪.** વિશેષમા, આરોપીઓ વિરૂદ્ધ જયારે, ઈ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ (૧) મુજબનો ગુન્હો થતો હોય ત્યારે, પ્રથમ રજુ થયેલ પુરાવાને આધીન આરોપીઓનું વર્તન, તેઓનું ગુન્હાહીત માનસ અને રેકર્ડ ઉપરનાં સંજોગો તેવા આરોપીઓનાં ગુન્હાહીત ઈરાદાને, ગુન્હાહીત માનસ અને જ્ઞાનને સમર્થન કરેલ છે કે કેમ? સબબ, પ્રથમ ઈ.પી. કોડ કલમ-૩૦૮ નાં પ્રબંધો અને તત્વો ધ્યાને લેવા જરૂરી બને.

**ઈ.પી. કોડ કલમ-૩૦૮** ::-

**સાપરાધ મનુષ્યવધની કોશીષ** ::-

કોઈપણ વ્યકિત, કોઈ કૃત્ય એવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમા કરે કે તેથી જો મૃત્યુ નિપજત તો પોતે ખૂન ન ગણાય તેવા સાપરાધ મનુષ્યવધ માટે દોષિત થાત, તેને ત્રણ વર્ષ સુધીની બેમાથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને સજા કરવામા આવશે અને એવા કૃત્યથી કોઈને ઈજા જાય તો, તેને સાત વર્ષ સુધીની બેમાથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામા આવશે.

**આ કલમનાં આવશ્યક તત્વો નીચે પ્રમાણે છે** ::-

**૧.** આરોપીએ કોઈ કૃત્ય કર્યુ.

**૨.** સાપરાધ મનુષ્યવધ જે ખૂન ન ગણાય તેવા ઈરાદાથી અથવા જ્ઞાન સાથે આરોપીએ કૃત્ય કર્યુ.

**૩.** આ કૃત્યનાં કારણે કોઈ વ્યકિતને ઈજા થઈ અથવા ન થઈ.

**૪.** આરોપીએ કરેલ કૃત્ય એવા સંજોગોમા કરવામા આવેલ હોય કે જો ભોગ બનનારનું મૃત્યુ નિપજત તો આરોપી ખૂન ન ગણાય તેવા સાપરાધ મનુષ્યવધ માટે દોષિત ઠરત.

**ફરીયાદી અને સાહેદોનાં પુરાવાઓની ચર્ચા** ::-

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૬ તરીકે ફરીયાદી/ઈજા પામનાર નાનજીભાઈ વશરામભાઈ નાખવાને આંક-૨૯ થી તપાસવામા આવેલા છે અને આંક-૩૦ થી ફરીયાદ રજુ કરવામા આવેલી છે. તેઓ મુખ્યત્વે જણાવે છે કે, આશરે ત્રણેક વર્ષ પહેલા બપોરનાં બે અઢી વાગ્યા આસપાસ મોટર સાઈકલ લઈને જતા હતાં ત્યારે, પ્રણામિ સ્કુલની પાછળની શેરીમા પાછળથી સ્વિફ્ટ કાર ભટકાયેલ, તેથી ફોરવ્હિલનાં ચાલક અને ફરીયાદી નીચે ઉતરેલ. ફોરવ્હિલમા બે વ્યકિતઓ હતાં, તેમાથી એક તેઓનાં પાડોશી પાર્થભાઈ હતાં અને બીજાને ઓળખતા નથી.

**૧૫.૧.** ફરીયાદી એવું પણ જણાવે છે કે, તેઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી અને પાર્થભાઇ પાસે કોઇ હથીયાર હોય અને બીજા ભાઇ પાસે કોઇ હથીયાર હોય તેનાથી ઈજા પહોંચાડેલ હોય કે માર મારેલ હોય તેવું બનેલ ન હતું.

**૧૫.૨.** ફરીયાદીએ ફરીયાદ પક્ષનાં કેસની કે ફરીયાદની કે બનાવની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલુ નથી. તેથી, વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગીને પુછવામા આવેલા સવાલોનાં જવાબોમાથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી.

**૧૫.૩.** **વિ.એ.પી.પી.શ્રીની તરફેની ઉલટતપાસ**મા ફરીયાદી જણાવે છે કે, તેઓએ ડોકટર પાસે એકસીડન્ટ થયેલાની હકીકત જણાવેલી અને તેઓ મુદ્દામાલ છરી તથા લોખંડનો પાઇપ ઓળખી શકે નહીં.

**૧૫.૪.** **આરોપી તરફેની ઉલટતપાસમા ફરીયાદી** સ્વિકારે છે કે, બનાવનાં દિવસે તેઓની બાઇક સાથે આરોપીની સ્વિફ્ટ કાર અથડાતા અકસ્માતનો બનાવ બનેલો તેમા તેમને ઈજા થયેલી, તે સિવાય બીજો કોઇ બનાવ બનેલ નથી અને તેમણે ડોકટરને પણ અકસ્માત અંગેની વિગત જણાવેલ હતી તેમજ પોલીસ સ્ટેશને પણ અકસ્માત અને સામાન્ય બોલાચાલીની ફરીયાદ આપેલી.

**<u>પંચ સાહેદોનાં પુરાવાઓની ચર્ચા</u>** ::-

**૧૬.** ફરીયાદ પક્ષ તરફે સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદો ભાવિન ભાઇ જગદિશભાઇ વશીયર તથા મોહનભાઇ કરશનભાઇ ગઢવીને સાહેદ નં.૧ અને ૨ તરીકે અનુક્રમે આંક-૧૮ અને ૨૦ થી તપાસવામા આવેલા છે

અને આંક-૧૯ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ કરવામા આવેલ છે. આ પંચ સાહેદોએ પોલીસે પંચનામુ કરી તૈયાર પંચનામામા સહી કરવાનું કહેતા સહી કરી આપેલી હોવાની હકીકત જણાવેલી છે. પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરીને ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગીને પુછવામા આવેલા સવાલોનાં જવાબોમાથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી. આવા સંજોગોમા આ પંચ સાહેદોનાં પુરાવાનું લેશમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને મળી શકતુ હોવાનું જણાઇ આવતુ નથી.

**૧૭.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૩ તરીકે ઝડતિ પંચનામાનાં પંચ સાહેદ ઇકબાલભાઇ ઉંમરભાઇ ખફીને આંક-૨૧ થી તપાસવામા આવેલા છે અને ઝડતિ પંચનામુ આંક-૨૨ થી રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે પોલીસે પંચનામુ કરી તૈયાર પંચનામામા સહી કરવાનું કહેતા સહી કરી આપેલી હોવાની હકીકતો જણાવે છે. સદર પંચ સાહેદને પણ વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગીને પુછવામા આવેલા સવાલોનાં જવાબોમાથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી. આવા સંજોગોમા ઝડતિ પંચનામાનાં પંચ સાહેદનાં પુરાવાનું લેશમાત્ર સમર્થન પણ ફરીયાદ પક્ષને મળી શકતુ હોવાનું જણાઇ આવતુ નથી.

**૧૮.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૪, ૫ અને ૭ તરીકે અટક પંચનામાનાં પંચ સાહેદો જયેશ કાંતિલાલ મુંજાલ અને દિપકભાઇ મનોજભાઇ ધનવાણીને અનુક્રમે આંક-૨૩, ૨૫ અને ૩૧ થી તપાસવામા આવેલા છે અને અટક પંચનામુ આંક-૨૪ થી રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે પોલીસે પંચનામુ કરી તૈયાર પંચનામામા સહી કરવાનું કહેતા સહી કરી આપેલી હોવાની હકીકતો જણાવે છે. સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી

ગયેલા સાહેદો તરીકે જાહેર કરીને ઉલટ તપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગીને પુછવા મા આવેલા સવાલોનાં જવાબોમાથી પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી. આવા સંજોગોમા આ સાહેદોનાં પુરાવાનું લેશમાત્ર સમર્થન ફરીયાદ પક્ષને મળી શકતુ હોવાનું જણાઇ આવતુ નથી.

**<u>પોલીસ સાહેદનાં પુરાવાઓની ચર્ચા</u>** ::-

**૧૯.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૮ તરીકે પી.એસ.ઓ. લાભુભાઇ ગોવિંદભાઇ ગઢવીને આંક-૩૩ થી તપાસવામા આવેલા છે અને આંક-૩૪ થી ૩૭ સુધી ગુન્હો રજીસ્ટર્ડ કરવાની યાદી, સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ અને સ્ટેશન ડાયરીમા નોંધ કરવાની યાદી રજુ કરવામા આવેલી છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ સિટિ-સી ડિવિઝન ખાતે પી.એસ.ઓ. તરીકે હતાં ત્યારે, આ કામની ફરીયાદ આવતા ગુન્હો નોંધી, સ્ટેશન ડાયરીમા નોંધ કરી અને આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમા નોંધ કરવાની યાદી આવતા તે અંગેની સ્ટેશન ડાયરીમા નોંધ કરેલી.

**૨૦.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૦ તરીકે તપાસ કરનાર અધિકારી રવિરાજ સીંહ દેવેન્દ્રસીંહ ગોહીલને આંક-૪૭ થી તપાસવામા આવેલા છે અને આંક-૪૮ થી ૫૪ સુધી આર.ટી.ઓ.ને કરેલ યાદી, કાર કબજે કર્યાનું પંચનામુ, તપાસમા રહેવાની યાદી, હથીયાર કબજે કર્યાનું પંચનામુ અને હથીયારબંધીનું જાહેરનામુ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૨૨/૧૦/૨૦૨૧ નાં રોજ સિટિ-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમા પી.એસ.આઇ. તરીકે ફરજમા હતાં ત્યારે, આ કામની તપાસ પી.એસ.આઇ. સીસોદીયા કરતા હોય, તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરી, લાગતાવળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, ઝડતી તપાસનું પંચનામુ કરી બાદ આરોપી નાસતા ફરતા હોય, તપાસ મળતા આરોપી

પાર્થ ઉર્ફે જાબલી પોલીસ સ્ટેશને આવી બનાવમા ઉપયોગ કરેલ છરી રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, બનાવમા ઉપયોગ થયેલ સ્વિફટ કાર નં.જીજે ૧૦ સીએમ ૭૦૮૯ ની માલીકી અંગે આર.ટી.ઓ.ને યાદી કરી, આરોપી પાર્થ ઉર્ફે જાબલીએ સ્વિફટ કાર રજુ કરતા તે પંચનામાની વિગતે કબજે કરી આરોપી મહેન્દ્રસીંહ મળી આવતા અને ગુન્હામા ઉપયોગ કરેલ લોખંડનો પાઇપ રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરી, આરોપીઓ વિરૂદ્ધ અલગ અલગ ચાર્જશીટ કરેલ.

**૨૧.** ઉલ્લેખનીય છે કે, આ કામે આંક-૪૫ થી તપાસવામા આવેલા ડો.વિકાસ ભુપતભાઇ ધમસાણીયાનાં મૌખીક પુરાવા અને આંક-૪૬ નાં ઇંજરી સર્ટિફિકેટ સાથે ફરીયાદી/ઇજા પામનારનાં આંક-૨૯ નાં મૌખીક પુરાવા અને આંક-૩૦ ની ફરીયાદને ધ્યાને લેતા ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપી પાર્થ ઉર્ફે જાબલીએ તેઓને હાથ ઉપર છરી મારેલી અને આરોપી મહેન્દ્રસીંહે તેઓને પાઇપથી ઇજાઓ કરેલી હોવાની હકીકતો જણાવેલી છે. જયારે, આંક-૪૫ નાં ડો.ધમસાણીયા રૂબરૂ આપેલી કેસ હિસ્ટ્રીમા ફરીયાદીએ તેમને માથા ઉપર જાબલી અને એક અન્ય વ્યકિત દ્ધારા છરી અને ઇંચ વડે હુમલો કરેલ હોવાનું જણાવેલ છે, ફરીયાદમા ઇંટ વડે હુમલો કરેલ હોવાની કોઇ જ હકીકતો જણાવેલી નથી. એટલું જ નહીં પરંતુ, આંક-૪૬ વાળા ઇંજરી સર્ટિફિકેટમા પણ ફરીયાદીને જમણા હાથ ઉપર ૨x૨ સે.મી.ની છોલછાલ અને ડાબા હાથ ઉપર ૩x૧x૧ સે.મી.ની છોલછાલવાળી જ ઇજાઓ હોવાનું જણાય છે. ડોકટરનાં અભિપ્રાય મુજબ ફરીયાદીને થયેલી ઇજાઓ સામાન્ય પ્રકારની હતી.

વિશેષમા, ફરીયાદીની આંક-૨૯ ની જુબાની ધ્યાને લેતા તેઓએ ફરીયાદ પક્ષનાં કેસની કે આંક-૩૦ ની ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર થયેલા છે. આવા સંજોગોમા ફરીયાદી

નાં પુરાવાનું પણ આંક-૩૦ ની ફરીયાદની હકીકતોને સમર્થન મળતુ નથી.

**૨૨.** ઉપરોકત કરવામા આવેલી સમગ્ર ચર્ચા ધ્યાને લેતા આ કામે ફરીયાદ પક્ષ તરફે માત્ર ફરીયાદી/ઈજા પામનારને એકને જ ફરીયાદ પક્ષ તરફે તપાસવામા આવેલા છે. ફરીયાદીની આંક-૩૦ થી રજુ કરવામા આવેલી ફરીયાદની હકીકતો મુજબ બનાવ સમયે અને સ્થળે રસ્તે પસાર થતા લોકો જોવા ભેગા થયેલા હતાં, તેમ છતાં ફરીયાદ પક્ષ તરફે સ્વતંત્ર અને તટસ્થ સાહેદોનો પુરાવો ઉપલબ્ધ થઇ શકે તેમ હોવા છતાં, આવા કોઈ સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર લાવવામા આવેલો નથી. એટલું જ નહીં પરંતુ, ફરીયાદી એ કહેવાતા બનાવ બાદ હોસ્પિટલે સારવાર લેવા માટે પહોંચેલ ત્યારબાદ પોતાનાં ભાઇ નિતિનભાઇ વશરામભાઇ નાખવાને ફોનથી બોલાવતા તેઓ આવી જતા ફરીયાદીએ સારવાર લીધેલી છે. આમ, ફરીયાદીનાં ભાઇ નિતિનભાઇનો પણ કોઇ પુરાવો ફરીયાદ પક્ષ તરફે રેકર્ડ ઉપર લાવવામા આવેલ નથી.

**૨૩.** સૌથી મહત્વની હકીકત તો એ છે કે, આ કામનાં ફરીયાદી અને આરોપી પાર્થ વચ્ચે હાલનાં બનાવનાં આશરે દોઢેક માસ પહેલા આરોપી પાર્થ દારૂનો ધંધો કરતા હોવાનાં કારણે બોલાચાલી થયેલી તેનુ મનદુઃખ રાખી અને તેનાં કારણે હાલનો બનાવ બનેલ હોવાનું ફરીયાદીએ પોતાની ફરીયાદમા જ જણાવેલ છે, પરંતુ આવી બોલાચાલીનાં કારણે કોઇ ફરીયાદ કે અરજ અહેવાલો થયેલા હતાં કે કેમ તે મતલબની કોઇ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલી નથી અને આરોપી પાર્થ દારૂનો ધંધો કરતા હોવા મતલબનો પણ કોઇ પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલો નથી. આમ, બનાવનું કારણ જ પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેથી, આંક-૩૦ થી રજુ થયેલી ફરીયાદને પુરાવો સમર્થન કરતો નથી.

**૨૪.** ઉલ્લેખનીય છે કે, આ કામે ફરીયાદ પક્ષ તરફથી ફરીયાદી/ઈજા પામનાર એક માત્ર સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે, તે સિવાય ફરીયાદી/ઈજા પામનારનાં ઘરનાં કોઈ સભ્યો કે ઉપરોકત કરવામા આવેલી નોંધ મુજબ સ્વતંત્ર સાહેદો કે ફરીયાદી/ઈજા પામનારનાં ભાઈ નિતિનભાઈનો પણ કોઈ પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલો નથી અને ફરીયાદી પણ પોતાનાં પુરાવામા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. ફરીયાદી એ કોઈ હથીયારો પણ ઓળખી બતાવેલા નથી અને આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા હથીયારો કબજે કરી તે ચકાસણી અર્થે એફ.એસ. એલ. કચેરીમા મોકલવામા આવેલા હોવા મતલબનો પણ કોઈ પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલો નથી.

**૨૫.** એટલું જ નહીં પરંતુ, ફરીયાદીને થયેલી ઈજાઓ ધ્યાને લેતા ઇ.પી. કોડ કલમ-૩૦૮ કે ૩૨૩, ૩૨૪ નાં ગુન્હાનાં આવશ્યક તત્વો પુરવાર થતા નથી અને આરોપીઓ તરફેની ઉલટતપાસમા ડોકટરે કોઈ વ્યકિત ગાડી લઈને જતા હોય અને ભટકાય તો છોલછાલની ઈજા થઈ શકે તેવી હકીકત નો સ્વિકાર કરેલો છે. આવા તમામ સંજોગોમા ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકા રહીત પુરાવાથી પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ છે. તેથી, હાલનાં બનાવમા હાલનાં આરોપીઓની સીધી કે આડકતરી સંડોવણી હોવાની કોઈ જ હકીકતોને ફરીયાદ પક્ષનો પુરાવો સમર્થન કરતો નથી.

**૨૬.** ઉલ્લેખનીય છે કે, ફરીયાદી અને ડોકટરની જુબાનીમા તથા ફરીયાદમા ઉપરોકત કરવામા આવેલી ચર્ચા મુજબ મહત્વની વિષંગતતા જણાઈ આવે છે અને જે રીતે બનાવ બનેલો છે તેની હકીકતો સાહેદોએ જાહેર કરેલી હોવાનું જણાઈ આવતુ નથી ત્યારે, ખરેખર આવો કોઈ બનાવ બનેલો હતો કે કેમ અને બનાવમા હાલનાં કહેવાતા આરોપીઓએ જ ફરીયાદીને ઈજાઓ કરેલી હતી કે કેમ તે પુરવાર થતુ નથી. એટલું જ નહીં પરંતુ, કયા આરોપી દ્વારા ચોકકસ કયા હથીયારથી ફરીયાદીને ઈજા

પહોંચાડેલી છે તેવી પણ કોઇ હકીકત જાહેર થતી નથી. તેથી, તેનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર છે.

**૨૭.** આમ, આરોપીઓએ જ ફરીયાદી ઉપર હુમલો કરેલો હોવાનું પુરવાર થતુ નથી, તેઓએ ઈજાઓ કરેલ હોવાની કોઇ જ હકીકત સાબીત થતી નથી અને આરોપીઓએ ફરીયાદીને ગાળો કાઢી, ગુન્હાહીત ઉશ્કેરણી કરેલી હોય તેવી કોઇ હકીકતો પણ રેકર્ડ ઉપર આવતી નથી અને તે મતલબનાં કોઇ ચોકકસ શબ્દો પણ રેકર્ડ ઉપર આવતા નથી. તેવી જ રીતે કહેવાતા આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી હોવાનાં કારણે ફરીયાદીને કોઇ ભય પેદા થયેલો હોય કે આવી ધમકીનાં પરીણામ સ્વરૂપે ફરીયાદીએ કોઇ કાર્યવાહી ફરજીયાતપણે કરવી પડેલી હોય કે કોઇ કાર્યવાહી કરવાનું તેઓની ફરજમા આવતુ ન હોવા છતાં, આવી કોઇ કાર્યવાહી તેમણે ધમકીનાં કારણે કરવી પડેલી હોય કે તેઓને રોજીંદગી કાર્યવાહી કરવામા કોઇ રૂકાવટ કે બાધા પેદા થયેલી હોય તેવી કોઇ જ હકીકતો રેકર્ડ ઉપર આવેલી નથી. આવા સંજોગોમા આરોપીઓ વિરૂદ્ધનાં ઇ.પી. કોડ કલમ-૫૦૪, ૫૦૬(૨) મુજબનાં ગુન્હાનાં આવશ્યક તત્વોની પણ પરિપૂર્તિ થતી નથી.

**૨૮.** આમ, ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર ફરીયાદ પક્ષ રજુ થયેલ પુરાવાઓથી આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) અન્વયેનો ગુન્હો પુરવાર કરવામા સફળ રહેલા નથી. તેથી, મુદા નં.૧ નો નિર્ણય નકારમા આપવામા આવે છે.

**મુદા નંબર-૨** ::-

**૨૯.** આ કામે બનાવ સ્થળે, તારીખે અને સમયે જામનગર જીલ્લાનાં તત્કાલીન જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયારબંધીનું જાહેરનામુ પ્રસિદ્ધ થઇ અમલમા હોવા છતા, આરોપીઓએ હથીયારો ધારણ કરી તે ફરીયાદીને મારી, ઈજાઓ

કરી, જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયેનો ગુન્હો કર્યા સબબ આક્ષેપ કરવામા આવેલ છે. આ સંદર્ભે આ કામે રેકર્ડ ઉપર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગર દ્વારા પ્રસિદ્ધ કરવામા આવેલ હથીયારબંધીનું જાહેરનામુ ફરીયાદ પક્ષ તરફે આંક-૫૪ થી રજુ કરવામા આવેલ છે, પરંતુ આ જાહેરનામાની યોગ્ય અને બહોળી પ્રસિદ્ધિ થયેલી હોવાની કે ઉપરોકત કરવામા આવેલી નોંધ મુજબ આરોપીઓએ કોઇ હથીયારો ધારણ કરેલા હોવાની કોઇ જ હકીકતો પુરવાર થતી નથી. એટલું જ નહીં પરંતુ, ફરીયાદી એ હથીયારો ઓળખી પણ બતાવેલા નથી. આવા સંજોગોમા આરોપીઓ વિરૂદ્ધ જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયેનો ગુન્હો પુરવાર થયેલો માની શકાય તેમ નથી. તેથી, મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમા આપવામા આવે છે.

**૩૦.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવા, દલીલો અને ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષ રજુ થયેલ પુરાવાઓથી આરોપીઓ વિરૂદ્ધ ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) અન્વયેનો ગુન્હો પુરવાર કરવામા સફળ રહેલા નથી. તેથી, તેઓને તે અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે ન્યાયનાં હીતમા વ્યાજબી કારણો જણાતા હોય, મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **હુકમ** ::-

**૧.** ક્રિ.પ્રો. કોડ કલમ-૨૩૫(૧) અન્વયે સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ નાં આરોપી મહેન્દ્રસીંહ ઉર્ફે બાબો ગુમાનસીંહ જાડેજા, ઉ.વ. ૨૫, ધંધો : ડ્રાઇવીંગ, રહે.આશાપુરા માતાજીનાં મંદિરની બાજુમા, ચેલા, જી.જામનગર તથા સેશન્સ કેસ નં.૭૮/૨૦૨૨ નાં આરોપી પાર્થ ઉર્ફે જાબલી જીતેન્દ્રભાઇ કતીયારા, ઉ.વ. ૨૩, ધંધો : મજુરી, રહે.દિગ્વિજય પ્લોટ-૬૧, આશાપુરા માતાજીનાં મંદિરની બાજુમા, જામનગરને ઇ.પી. કોડ કલમ-૩૦૮, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) સાથે વાંચતા કલમ-૧૧૪ તથા જી.પી. એકટ કલમ-

૧૩૫(૧) મુજબનાં ગુન્હાનાં તહોમત સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

**૨.** અપીલ સમય બાદ મુદ્દામાલ સ્વિફ્ટ કાર અંગે વચગાળાનો હુકમ થયેલો હોય તો, તે કાયમ કરવાનો અન્યથા તેનાં ખરા માલીકની ખરાઇ કરી તેમને પરત કરવાનો અને બાકીનાં તમામ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવા મા આવે છે.

**૩.** ફોજદારી કાર્યરીતી સંહિતાની નવી સુધારેલી કલમ-૪૩૭(એ)ની જોગવાઇ ઓ અને શરતો મુજબ દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)નાં જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો આજની તારીખ થી છ માસ સુધીનાં સમયગાળા માટે આપવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** આ ચુકાદો અસલ સેશન્સ કેસ નં.૩૯/૨૦૨૨ મા સામેલ રાખી તેની એક નકલ સેશન્સ કેસ નં.૭૮/૨૦૨૨ નાં કામમા સામેલ રાખવી.

ચુકાદો આજરોજ તા.૨૪મી એપ્રિલ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

જામનગર.
તા.૨૪/૪/૨૦૨૬..
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 24/04/2026 16:15:29 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર